# બી. એડ્. કોલેજના તાલીમાર્થીઓ માટે સંદર્ભ પુસ્તકનું મહત્વ

**અમિતકુમાર સીચારામ યાદવ**
રીસર્ચ સ્કોલર, વકીલ શ્રી ડી. એચ. પટેલ ડીપાર્ટમેન્ટ ઓફ એજ્યુકેશન, **ગાંધીનગર**
મો.9723952922 E-Mail: bhuvra@gmail.com

શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજના તાલીમાર્થીઓની મુખ્ય સમસ્યા એ છે કે તેઓ સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ નહીવત કરે છે. ખરેખર આ સમસ્યા ઘણી ચિંતાજનક છે. કારણ કે આ તાલીમાર્થીઓ જયારે શિક્ષક બનશે ત્યારે તેમના વિદ્યાર્થીઓમાં વાંચનની ટેવનો વિકાસ સાધી શકાશે નહી. આથી, જો આપણે ભવિષ્યમાં સારા શિક્ષકોનું સર્જન કરવું હોય તો ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી રહેલા શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજના તાલીમાર્થીઓમાં સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ મહત્તમ કરે તેવા પ્રયત્નો કરાવવા જોઈએ. આ વિચારને નજર સમક્ષ રાખીને આ ક્રિયાત્મક સંશોધન હાથ ધરવામાં આવેલ છે.

આજનો વિદ્યાર્થી આવતી કાલનો નાગરિક છે, તેથી વિદ્યાર્થીઓને તાજેતરમાં થઈ રહેલા બનાવો થી માહિતગાર રહેવું પડશે. આજનો વિદ્યાર્થી ફક્ત પુસ્તકીય જ્ઞાન તરફ વધુ આકર્ષિત હોય છે, કારણ કે તે અભ્યાસ ફક્ત પરીક્ષામાં સારા ગુણ પ્રાપ્ત કરવા માટે કરતો હોય છે. વિદ્યાર્થીઓને ફક્ત ગોખવું ગમે છે સમજવું નથી ગમતું. આ સમસ્યા દરેક સ્થળના વિદ્યાર્થીઓમાં જોવા મળે છે. સ્કુલના વિદ્યાર્થીઓને લઈએ કે પછી ઉચ્ચ શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓને ગણીએ દરેક વિદ્યાર્થીઓ ફક્ત પુસ્તકીય જ્ઞાન ધરાવતા હોય છે અને વાંચન ફક્ત પરીક્ષા પાસ કરવા માટે કરવામાં આવે છે.

શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજના તાલીમાર્થીઓની મુખ્ય સમસ્યા તે સંદર્ભ પુસ્તકનો ઉપયોગ નહીવત કરે છે. જયારે આપણે સારા શિક્ષક બનવાની વાત કરીએ ત્યારે ત્યારે તેમનામાં પુસ્તકીય જ્ઞાન ઉપરાંત સંદર્ભ પુસ્તકોનું જ્ઞાન હોવું આવશ્યક થઈ પડે છે. સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ વગર તાલીમાર્થીઓ સાંપ્રત પ્રવાહની માહિતી પ્રાપ્ત કરી શકતા નથી અને તાલીમ દરમિયાન તાલીમાર્થીઓનો સર્વાંગીણ વિકાસ રૂંધાય છે.

આથી જો આપણે ભવિષ્યમાં આદર્શ શિક્ષકનું નિર્માણ કરવું હોય તો તાલીમાર્થીઓમાં સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ કરવાની ટેવ વિકસાવવી પડશે.

**સમસ્યા નિર્દેશ :**

**"શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજના તાલીમાર્થીઓ સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ નહીવત કરે છે."**

**સમસ્યા ક્ષેત્ર :**

સમસ્યા ક્ષેત્ર સંસ્થા, શાળા, વર્ગખંડ, માનવીય સંબંધ, વર્તન સંબંધી, સંસ્થાના પરીક્ષણકાર્ય સંબંધિત સમસ્યાઓ પુરતું મર્યાદિત હોય છે.[૧]

પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર નીચે મુજબ છે.

- રાજ્ય – ગુજરાત
- જીલ્લો – સુરત
- શહેર – કીમ
- ગામ – અણિતા
- કોલેજ – શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજના ૧૬૦ તાલીમાર્થીઓ

**સમસ્યાના હેતુઓ :**

પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધનના હેતુઓ નીચે મુજબ છે.

- શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજના તાલીમાર્થીઓના વાંચન રસનો અભ્યાસ કરવો.
- બી. એડ્. અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી તેના સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ કરે તેવા પ્રયત્ન કરવા.
- અધ્યાપકો દ્વારા તાલીમાર્થીઓને સંદર્ભ પુસ્તકોના મહત્વ અંગેની માહિતીથી માહિતગાર કરવા.

**પાયાની જરૂરી માહિતી :**

સંશોધનકારે ક્રિયાત્મક સંશોધન કરવા માટે કેટલીક પાયાની માહિતી એકત્ર કરી હતી, જે નીચે પ્રમાણે છે.

- અવલોકન દ્વારા પ્રારંભિક માહિતી એ પ્રાપ્ત થઈ કે શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજના તાલીમાર્થીઓ સંદર્ભ પુસ્તકોનો વાંચન નહીવત કરે છે.
- શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજના તાલીમાર્થીઓ ફક્ત સમાચારપત્રો અને મેગેઝીન વાંચે છે.
- તાલીમાર્થીઓને ફક્ત નાની પુસ્તકો કે જેના પાનાં ઓછા હોય તેવી પુસ્તકો વાંચવાનો શોખ ધરાવે છે.
- તાલીમાર્થીઓ રસને આધારે આર્ટીકલ વાંચે છે.
- પુસ્તકાલયના રજીસ્ટરના આધારે જાણવા મળે છે કે તાલીમાર્થીઓ સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ નહીવત કરે છે.

**સમસ્યાના સંભવિત કારણો :**

અભ્યાસ કે પોતાના અનુભવ અને અવલોકન પરથી અહી સંભવિત કારણો નક્કી કરવામાં આવેલા છે. પોતાની સમસ્યાને અસર કરતા કારણો, પ્રશ્નો, વિચારો વગેરેનો વિચાર અહી કરવામાં આવેલ છે. અને તેની યાદી અહી તૈયાર કરવામાં આવે છે. આમ, અહી વૈજ્ઞાનિક ઢબે વિચારેલી સમસ્યા ઉત્પન્ન થવાના કારણો અહી નક્કી કરવામાં આવે છે.(૨)

સમસ્યાના સંભવિત કારણો નીચે આપેલ સારણી પરથી સ્પષ્ટ કરી શકાય. આ સંભવિત કારણો શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજના અધ્યાપકો તથા તાલીમાર્થીઓ સાથેની ચર્ચા દ્વારા સ્પષ્ટ કરી શકાય.

ઉપરોક્ત સમસ્યાના સંભવિત કારણો આ મુજબ જોઈ શકાય.

| ક્રમ | સંભવિત કારણો | કારણોનો આધાર શો છે? | | તે અંગે શિક્ષક કઈક કરી શકે? | | કારણનો અગ્રતા ક્રમ |
|---|---|---|---|---|---|---|
| | | હકીકત | ધારણા | હકીકત | ધારણા | |
| ૧ | તાલીમાર્થીઓ બજારમાં ઉપલબ્ધ વાંચન સામગ્રીની ટેવથી ટેવાયેલ હોય છે. | | i | | i | 6 |
| ૨ | તાલીમાર્થીઓમાં વાંચન ટેવનો અભાવ હોય છે. | i | | i | | 1 |
| ૩ | તાલીમાર્થીઓને સંદર્ભ પુસ્તકોના વાંચન માટે પ્રોત્સાહન ન મળતું હતું. | | i | i | | 3 |
| ૪ | તાલીમાર્થીઓ ફક્ત પરીક્ષાલક્ષી વાંચનથી ટેવાયેલ હતા | i | | | i | 2 |
| ૫ | તાલીમાર્થીઓમાં સંદર્ભ પુસ્તકોની માહિતીનો અભાવ જોવા મળે છે. | | i | i | | 4 |
| ૬ | તાલીમાર્થીઓ પુસ્તકાલયનો ઉપયોગ નહીવત કરે છે. | | i | i | | 5 |

**પ્રયોગકાર્યની રૂપરેખા અને અમલીકરણ :**

પ્રયોગકાર્યને હાથ ધરવાની પ્રક્રિયા તે ક્રિયાત્મક સંશોધનનો મહત્વનો ભાગ છે તમામ પ્રકારના આયોજન બાદ ક્રિયાત્મક સંશોધનના વિષયને ધ્યાનમાં રાખી આ પ્રયોગકાર્ય ને કઈ રીતે અમલમાં લાવી શકાય તથા પ્રયોગકાર્યનો સમયગાળો કેટલો આ બાબતોનો અભ્યાસ કરવા માટે પ્રયોગકાર્યની રૂપરેખા ઘડવામાં આવે છે જેની તમામ બાબતો નીચે આપેલ સારણીમાં દર્શાવવામાં આવેલ છે.

| ક્રમ | સમય | પ્રયુક્તિ | સાધન | મૂલ્યાંકન | સુધારકાર્ય |
|---|---|---|---|---|---|
| ૧ | ડીસેમ્બર | પુસ્તકાલય અભિગમ | ગ્રંથપાલ દ્વારા | અવલોકન મુલાકાત | પુસ્તકોથી પરિચિત કરાવવાનું કાર્ય |
| ૨ | મહિનામાં ચાર વખત | પરામર્શ (કાઉન્સેલિંગ) | પુસ્તકો | વાચન નોંધ | જુદા જુદા સંદર્ભ પુસ્તકોનું વાંચન કરતા થાય |
| ૩ | બે મહીને બે વખત | કમ્પલસરી વિષયના તાસમાં | ચર્ચા | વિચારોની જાણ થવી | તાલીમાર્થીઓ પુસ્તકોને ઊંડાણ પૂર્વક વાંચન કરતા શીખે |

**મૂલ્યાંકનો :**

- શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજના તાલીમાર્થીઓ સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ નહીવત કરે છે, આ સમસ્યાને ધ્યાનમાં રાખી તેમને કોલેજમાં આવેલ પુસ્તકાલયમાં ઉપલબ્ધ પુસ્તકોથી પરિચિત કરાવવામાં આવ્યા.
- શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજના તાલીમાર્થીઓ પર પુસ્તકાલય અભિગમની પ્રયુક્તિનો ઉપયોગ કરી પુસ્તકાલયમાં ઉપલબ્ધ જુદા જુદા પુસ્તકોથી પરિચિત કરાવવામાં આવ્યા.
- પરામર્શ દ્ધારા તાલીમાર્થીઓ કઈ કઈ પુસ્તકો પુસ્તકાલય માંથી લે છે તેમજ તાલીમાર્થીઓના રસનો વિષય કયો તેની માહિતી મેળવી શકાય છે.
- કમ્પલસરીના તાસમાં કોલેજના તાલીમાર્થીઓ તમામ વાંચેલા પુસ્તકોની ચર્ચા કરવામાં આવી.
- પુસ્તક સમીક્ષા દ્ધારા શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજના તમામ તાલીમાર્થીઓ ઊંડાણ પૂર્વક જ્ઞાન પ્રાપ્ત કરે. ઉપરાંત તેઓ પાઠ આયોજન દરમિયાન સંદર્ભ તરીકે પણ તેનો ઉપયોગ કરતા થાય તે જોવા મળ્યું છે.

**તારણો :**

સમસ્યાના સંદર્ભે ઉપચારાત્મક કાર્ય કરતા નીચે પ્રમાણેના તારણો જોવા મળ્યા.

- શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજના તાલીમાર્થીઓના રસનો વિષય મોટાભાગે અભ્યાસ સિવાયની પ્રવૃત્તિઓ તેમજ પરીક્ષામાં કઈ રીતે પુસ્તકો વાંચીને માર્ક્સ વધારે લાવી શકાય તે રહેલો હતો.
- શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજના તાલીમાર્થીઓ ફક્ત પ્રાયોગિક કાર્ય, ક્ષેત્ર કાર્ય, ક્રિયાત્મક સંશોધનને પૂર્ણ કરવા તેમજ EPC પૂર્ણ કરવા માટેજ સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ કરતા જોવા મળે છે.
- ઓછામાં ઓછા પાનાની પુસ્તક શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજના તાલીમાર્થીઓ વધારે ઉપયોગ કરે છે.
- અભ્યાસ કાર્યના અંતે કોલેજના તાલીમાર્થીઓમાં વાંચન ટેવનો વિકાસ વધુ જોવા મળ્યો.
- શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજના તાલીમાર્થીઓ જયારે પાઠ આયોજન બનાવતા હતા ત્યારે સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ કરી તે તાલીમાર્થીઓ વધારે અસરકારક રીતે શાળામાં પાઠ આપી શક્યા.

**અનુકાર્ય :**

પ્રસ્તુત ક્રિયાત્મક સંશોધનને તારણોને આધારે નીચે મુજબના અનુકાર્ય કે સૂચનો સુચવી શકાય.

- શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજના તાલીમાર્થીઓ પુસ્તકાલય સાથે જોડાય રહીને નવીન સંદર્ભ સાહિત્યો વિષે માહિતી મેળવી શકે.

- અધ્યાપકો જયારે પણ તાલીમાર્થીઓ સાથે મળે ત્યારે તેમણે સંદર્ભ પુસ્તકોની ચર્ચા કરવી.
- સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ સતત કરવામાં આવે તેવું આયોજન શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજ દ્વારા કરી શકાય.

**સમાપન :**

ઉપરોક્ત અભ્યાસને આધારે એમ કહી શકાય કે શ્રી એસ. આર. પટેલ બી. એડ્. કોલેજમાં તાલીમાર્થીઓ સંદર્ભ પુસ્તકોનો ઉપયોગ મહત્તમ કરે તેવા પ્રયત્નો કરવા જોઈએ કારણ કે ઈતિહાસની ચર્ચા કરીએ તો મહાન વ્યક્તિઓનું જીવન પુસ્તકો દ્વારા જ બદલાઈ ગયું અને તે વ્યક્તિઓ ખોટા માર્ગ કે પથ પરથી સાચા માર્ગ પર વળ્યા. આમ સંદર્ભ પુસ્તકોનો મહત્તમ ઉપયોગ તાલીમાર્થીઓ કરે તેવા પ્રયત્નો સંસ્થા દ્વારા કરવામાં આવે.

**સંદર્ભ :**

શાહ દીપિકા બી. "શૈક્ષણિક સંશોધન" યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
ઘેલાણી ભાવેશ એચ. "અર્થશાસ્ત્ર પદ્ધતિ" ગજાનન પુસ્તકાલય, સુરત

**શિક્ષણ દર્શન ના લેખકો માટે**

**શિક્ષણ દર્શન (UGC Approved Journal No. 62819) & ISSN-2319-202X)** માટેના લેખો ગુજરાતીમાં શ્રુતિ (**Shruti**) ફોન્ટમાં ટાઈપ કરી નીચેના સરનામે મોકલો. (લેખની સોફ્ટ કોપી **Dr. Jignesh B. Patel** ને **jig_har@yahoo.com** પર ઈ-મેલ કરો.)

**પ્રો. રમેશચંદ્ર જી. કોઠારી**
૬૦૧, આંગન ટાવર, ભવન્સ સ્કુલની સામે, રજનીકાંત જાની- મકરપુરા રોડ, મકરપુરા, વડોદરા-૩૯૦૦૦૪
rgkothari@gmail.com